aashka HOSPITAL

# આશ્કા સ્પોટલાઈટ

## મેડિકલ હાઇલાઇટ્સ

### 1A. નિષ્ણાત ડોક્ટરોની ટીમનું વિસ્તરણ:

આશ્કા હોસ્પિટલ પરિવારમાં ડૉ. ફેનિલ કાલરિયા, **એસોસિયેટ કન્સલ્ટન્ટ ઇન્ટેન્સિવિસ્ટ અને ICU રજિસ્ટ્રાર** (એમ.બી.બી.એસ., E.MD (ઇમરજન્સી મેડિસિન/MRCEM), CT / IDCCM (ઇન્ડિયન ડિપ્લોમા ઓફ ક્રિટિકલ કેર મેડિસિન), નું સહર્ષ સ્વાગત છે

### 1B. સારવાર માં શ્રેષ્ઠતા

હિંમતનગરના 38 વર્ષીય યુવકને કન્વેયર બેલ્ટ મશીન પર કામ કરતી વખતે તેના જમણા હાથના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જેમને આશ્કા હોસ્પિટલ માં લાવવામા આવ્યા. **ડૉ. જયદીપ કંસારા (ઓર્થોપેડિક સર્જન) અને ડૉ. સોહિલ શાહ (પ્લાસ્ટિક સર્જન)** દ્વારા દર્દી ની તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી. ભારે રક્તસ્ત્રાવ અને રેડિયલ પલ્સ ની ગેરહાજરી ને કારણે તાત્કાલિક સીટી એન્જીયો કરવામાં આવી. જેમાં જાણવા મળ્યું કે વ્યાપક પ્રમાણ માં વાસ્ક્યુલર ને નુકસાન થયું છે જેનાથી અંગવિચ્છેદન કરવું પડી શકે.

એનેસ્થેટીસ્ટ અને ઓટી સ્ટાફ સહિત સર્જીકલ ટીમે ઝડપથી જટિલ વેસ્ક્યુલર સર્જરી માટે તૈયારી કરી, જે રાત્રે 1:00 વાગ્યે શરૂ થઈ અને સવારે 8:00 વાગ્યે સમાપ્ત થઈ. નોંધપાત્ર રીતે, સર્જરી પછીના ગણતરીના કલાકો માં જ દર્દીના હાથમાં ધબકારા પાછા ફર્યા, જે આશાનો સંકેત આપતા હતા. થોડા દિવસોની સઘન ICU સંભાળ અને દેખરેખ રાખ્યા પછી, દર્દી સારી રીતે સ્વસ્થ થઈ ગયા, આખરે તેમને સ્વસ્થ પલ્સ સાથે તથા તાવ રહિત રૂમમાં સ્થળાંતર કરવામાં આવ્યા.

આજે, તે અપાર કૃતજ્ઞતા સાથે સ્મિત કરે છે, **ડૉ. સોહિલ શાહ, ડૉ. જયદીપ કંસારા** અને સમગ્ર આશ્કા હોસ્પિટલ ટીમનો આભાર માને છે કે જેમણે તેનો હાથ બચાવ્યો અને તેને ફરીથી સ્વસ્થ બનાવ્યો.

### 1C. દર્દીઓના અભિપ્રાયો

**દર્દીનું નામ:** સ્નેહલ પટેલ
**અભિપ્રાય :** મારી બહેનને **Total Knee Replacement** (ઘૂંટણ ના સાંધા બદલવાની સર્જરી) સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, અને તેની સર્જરી ખૂબ સારી રીતે થઈ. અમને તમામ નર્સિંગ, ડૉક્ટર અને એટેન્ડન્ટ સ્ટાફ તરફથી ખૂબ જ સરસ સેવાઓ મળી છે... **હું બધાને આશ્કા હોસ્પિટલની ભલામણ કરવા માંગુ છું.**

તેમજ ખોરાક ની ગુણવત્તા ખૂબ જ ઉત્તમ છે... અને સ્વચ્છતા પણ ખૂબ જ સારી રીતે જાળવવામાં આવે છે. તમારા બધા પ્રયત્નો અને ઉત્તમ સારવાર માટે આશ્કા હોસ્પિટલનો ખૂબ ખૂબ આભાર.

# સંસ્થા સંસ્કૃતિ

## 2A. હોસ્પિટલ ના ઉત્કૃષ્ઠ કર્મચારી તથા વિભાગ

### સૌથી શ્રેષ્ઠ વિભાગ



કેન્ટીન

### શ્રેષ્ઠ કર્મચારી (મેડિકલ)



શિલ્પા રાણા, (નર્સિંગ)

### શ્રેષ્ઠ કર્મચારી (મેડિકલ)



મૃગેશ મેવાડા (એટેન્ડન્ટ)

### શ્રેષ્ઠ કર્મચારી (પૅરામેડિકલ)



ખુશ્બુ પરમાર (ડાયેટિશિયન)

### શ્રેષ્ઠ કર્મચારી (નોન મેડિકલ)



સુનિલસિંહ ચાવડા (સુરક્ષા)

### વિશેષ સિદ્ધિ મેળવનાર કર્મચારી



પંકજ રેવડ (જાળવણી)

aashka HOSPITAL

3A નિષ્ણાત ની સલાહ :

## શિયાળામાં થતી હાડકાને લગતી તકલીફો અને તેના ઉપાય
ડો. જયદીપ કંસારા
એમ. એસ. (ઓર્થોપેડિક)

### સામાન્ય પડકારો:

1. **ઠંડુ તાપમાન** સાંધા અને સ્નાયુઓને સખત બનાવી શકે છે અને તેને ઓછું ફ્લેક્સિબલ બનાવે છે.
2. **અસ્થિવા, સંધિવા અને રુમેટોઇડ** સંધિવા જેવી સ્થિતિઓ શિયાળામાં વકરવાના કારણો :
• સ્નાયુઓમાં ખેંચાણ
• આંગળીઓ અને અંગૂઠામાં રક્ત પરિભ્રમણ અને લોહીમાં ઘટાડો.
• વાતાવરણીય દબાણમાં ઘટાડો.
• દર્દ થવાના કારણો માં વધતી સંવેદનશીલતા
• મર્યાદિત સૂર્યપ્રકાશથી વિટામિન ડી ની ઉણપ
3. **પીઠનો દુખાવો**
4. **લપસી જવું કે પડી જવું** જેનાથી ફ્રેક્ચર અને અન્ય સોફ્ટ ટીસયુ ઈજા થઇ શકે છે.

### નિવારવાના ઉપાય :

1. **યોગ્ય પર્યાપ્ત શિયાળાના ગરમ કપડાં પહેરો**, ખુલ્લા પગે ચાલવાનું ટાળો અને ઘરની અંદર તાપમાન જાળવી રાખો.
2. સ્ટ્રેચિંગ, યોગ, વૉકિંગ અથવા ઍરોબિક્સ સાથે **સક્રિય રહો**
3. **યોગ્ય વજન જાળવી રાખો** તથા જંક અને પ્રોસેસ્ડ ફૂડ ટાળો.
4. બેસતી વખતે તમારી **મુદ્રા** જાળવો.
5. કેલ્શિયમ સમૃદ્ધ આહાર, લીલા પાંદડાવાળા શાકભાજી, ડેરી ઉત્પાદનો, • મેગ્નેશિયમ અને વિટામિન K સમૃદ્ધ આહાર લો.
6. **પૂરતો સૂર્યપ્રકાશ**
7. પાણી, હર્બલ ટી અથવા અન્ય પીણાંથી **હાઇડ્રેટેડ રહો**
8. જો તમે રમતગમત/જીમ જેવી કોઈપણ આઉટડોર પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હો, તો યોગ્ય **વોર્મ અપની ખાતરી કરો.**
9. સારી પકડ સાથે ના **યોગ્ય પગરખાં પહેરો જે સ્લીપ અને પડતા અટકાવવામાં મદદ કરશે.**

જો તમને સાંધા કે હાડકાની કોઈ સમસ્યા થાય, તો તરત જ તમારા ડૉક્ટરની સલાહ લો.

## 3B: આરોગ્ય સમાચાર

1. **સ્થાનિક સમાચાર: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે માણસા માં 100 સીટ ની મેડિકલ કોલેજ અને 425 બેડની હોસ્પિટલની જાહેરાત કરી**

• તેમની માણસાની મુલાકાત દરમિયાન, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે નવી 100 સીટની મેડિકલ કોલેજની જાહેરાત કરી અને ગાંધીનગર જિલ્લામાં 425 બેડની સરકારી હોસ્પિટલનો પાયો નાખ્યો. (સ્રોત: ઇકોનોમિક ટાઇમ્સ, હેલ્થવર્લ્ડ)

2. **રાષ્ટ્રીય સમાચાર: ભારત ગયાનામાં પ્રથમ જન ઔષધિ કેન્દ્ર ખોલશે, PM મોદીએ જાહેરાત કરી**

• વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગયાનામાં પ્રથમ જન ઔષધિ કેન્દ્ર સ્થાપવાની યોજના જાહેર કરી, વૈશ્વિક સ્તરે પોસાય તેવી દવાઓને પ્રોત્સાહન આપ્યું. (સ્રોત: eHealth)

3. **વૈશ્વિક સમાચાર: ફ્રેન્ચ સર્જને ચાઈનીઝ રોબોટ ની મદદ થી ૧૨૦૦૦ કિલોમીટર દૂરથી સર્જરી કરી.**

• એક ફ્રેન્ચ સર્જને અદ્યતન ચાઈનીઝ રોબોટિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શાંઘાઈથી મોરોક્કોમાં દર્દી પર સૌથી લાંબી રિમોટ સર્જરી કરીને વિક્રમ સ્થાપ્યો. (સ્ત્રોતઃ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)